## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



હે ગુરુદાદા, આમાં કોઈકે લખ્યું છે 'રાજાને ગમીતે રાણી, છાણા વિણતા આણી' એટલે શું...??

# સિવિલના રેડીયોલોજી વિભાગમાં પોપડુ પડ્યું

## લેબર વોર્ડમાં, ડોક્ટર રૂમમાં પણ સ્લેબ તુટી પડ્યો, બંને બનાવમાં કોઈ જાનહાની નહી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના રેડીયોલોજી વિભાગમાં ગતરોજ સવારના સમયે મસમોટુ પોપડું પડ્યું હતું. આ પોપડુ પડ્યું ત્યાં દર્દી અને સગાઓને બેસવા માટેની વ્યવસ્થા છે. પરંતુ સવારે પોપડો પડતા કોઈ હાજર ન હોવાથી તે કોઈના માથે પડ્યો ન હતો. રેડીયોલોજી વિભાગમાં અચાનક પોપડો પડતા સ્ટાફ અને દર્દીઓમાં ડરનો માહોલ છવાયો હતો.

સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલમાં દિન-પ્રતિદિન સમસ્યાઓ વધી રહી છે. સમસ્યાઓ બંધ થવાનુ નામ લેતી નથી. સિવિલમાં ઠેર ઠેર પાણી ટપકવાને પગલે ચોમાસાનો માહોલ જોવા મળે છે. શહેરની ૬૦૦ બેડની હોસ્પિટલની ઈમારત જે સમયથી બની છે. ત્યારથી ઓ.ટી. અને વીઆઈ વોર્ડમાં પાણી



ભરાઈ જવાની સમસ્યા છાશવારે બને છે. પાણી ટપકવાને પગલે ડોલ મુકવાની ફરજ પડે છે. તો સમય જતાં જુની બિલ્ડીંગ પણ જર્જરીત થઈ જતાં પોપડા પડવાના કિસ્સા સામે આવી રહ્યા છે. ત્યારે ગજરોજ સવારે ૮ વાગ્યાના અરસામાં રેડીયોલોજી વિભાગમાં એક્સ-રે રૂમ પાસે સિલીંગની નીચે આવેલ થર્મોકોલ ડકનો ભાગ અચાનક તુટી પડ્યો હતો.

આ સમયે કોઈ દર્દી-સ્નેહીજન કે સ્ટાફના કર્મચારીઓ ન હોવાથી ઈજા પહોંચી ન હતી. જ્યારે સિવિલના લેબર વોર્ડમાં આવેલા ડોક્ટર્સ રૂમમાંથી પણ મોટો સ્લેબ નીચે પડ્યો હતો. આ સમયે ડોક્ટર્સ હાજર ન હોવાથી આ બનાવમાં કોઈ જાનહાની થઈ ન હતી. પરંતુ સિવિલની જુની ઈમારતને રીનોવેશનની ચોક્કસ જરૂર જણાય છે. હોસ્પિટલમાં પોપડા પડવાની ઘટનાને લઈ સિવિલની ઈમારત જોખમી બની રહી છે. જોખમી ઈમારતને લઈ સિવિલના ડૉક્ટર્સ, સ્ટાફમાં પણ ડરનો માહોલ છવાયો છે. ત્યારે જુની બિલ્ડીંગની મરામતની કામગીરી તાત્કાલિક ધોરણે કરવામાં આવે તેવી માંગ કર્મચારીઓમાં પણ ઉઠવા પામી છે.

## રીલાયન્સ ચોકડી પાસેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર શહેરમાં છેલ્લા નવી બની રહેલી સાઈટ પર મોન્ટુ રમેશભાઈ પલાસ (મુળ રહે. જેતપુર ગામ, તા. ઝાલોદ, જી. દાહોદ) પ્લાસ્ટર ચણતરની કામગીરી કરી રહ્યો છે. ત્યારે ગત તા. ૮ના રોજ સવારે નિયત સમય મુજબ સાઈટ પર કામ કરવા માટે બાઈક નં. જીજે.૨૦.એઆર.૮૮૩૨ લઈને આવ્યો હતો. તે સમયે બાઈકને સાઈટની આગળના ભાગે પાર્ક કરવામાં આવ્યુ હતુ. બાઈક પાર્ક કર્યા બાદ તે નિયમિત કામ કરવા સારૂ ચાલ્યો ગયો હતો. પ્લાસ્ટરનું કામ પૂર્ણ કરી બપોરના ચાર વાગ્યાના અરસામાં તે અને તેનો ભાઈ ચા પીવા સારૂ પાસે આવેલી ચા ની કીટલી પર ગયા હતા. ત્યારબાદ પરત આવતા બાઈક જ્યાં જગ્યા પર મુક્યુ હતુ તે સ્થળ પર બાઈક ન હતુ.

## ખૂણેખાંચરેથી

- ઉત્તર ગુજરાતના એક યુવા ધારાસભ્યએ મંત્રીમંડળમાં સ્થાન મળે તેને લઈ બગલામુખીની તાંત્રિક પૂજા કરાવી હોવાની વાતો આજે ચર્ચામાં હતી.
- રાજયના આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવે આજે વેક્સિનેશન અભિયાનને લઈ ખાસ વીડીયો કોન્ફરન્સ કરી હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં વેક્સિનેશનનો બીજો ડોઝ મેળવનાર લાભાર્થીઓની સંખ્યા ૮ હજાર જેટલી નોંધાઈ છે.
- ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીને લઈ ઉમેદવારોએ ડોર ટુ ડોર અભિયાનના શ્રીગણેશ કર્યા છે.
- રાજ્ય મંત્રીમંડળનું આજે વિસ્તરણ થાય છે તેવી વાતને લઈ શહેરમાં સતત રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો.
- ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળે આજે રાજયના મુખ્યમંત્રીને પડતર પ્રશ્નોની યાદી સાથે એક વિસ્તૃત પત્ર પાઠવ્યો છે.
- સચિવાલય સંકુલના સ્વર્ણિમ સંકુલમાં આજે મુલાકાતીઓ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો.
- સ્ટેચ્યુ ઓફ યુનિટી સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટના ચીફ મેનેજર સંજય જોશીની બદલી કરી નેશનલ એકેડેમી ઓફ એડમીનીસ્ટ્રેશન મસુરી ખાતે ૧ વર્ષની પ્રતિ નિયુક્તી પર મુકવામાં આવ્યા છે.

# ચૂંટણી આયોગના નિર્ણયને આમ આદમી પાર્ટીએ હાઈકોર્ટમાં પડકાર્યો

### વોર્ડ નં.૮ અને ૯માં ફરી ફોર્મ ભરવાની પ્રક્રિયા તમામ પક્ષના ઉમેદવારો માટે રાખવા માંગ કરી : તા.૧૮મી એપ્રિલે ૨૧ વર્ષ પુરા કરનારને ઉમેદવારી ફોર્મ ભરવા દેવા પણ માંગ

ગાંધીનગર તા. ૧૫

કોરોના મહામારીની બીજી લહેરને કારણે સ્થગિત કરવામાં આવેલી ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશનની ચૂંટણીઓ હવે આગામી તા.૩જી ઓક્ટોબરે યોજવાની જાહેરાત રાજ્ય ચૂંટણી પંચ દ્વારા કરાવામાં આવી તે પછી ચૂંટણી પંચે બહાર પાડેલા જાહેરનામા અનુસાર જે બે વોર્ડમાં માન્ય રાજકીય પક્ષના ઉમેદવારો અવસાન પામ્યાં છે તે બંને માન્ય રાજકીય પક્ષના ઉમેદવાર હોવાથી આ બંને વોર્ડમાં જે-તે પાર્ટીને ઉમેદવારીપત્રક ભરવા માટે તક આપવામાં આવી છે. રાજ્ય ચૂંટણી પંચના આ નિર્ણયને આમ આદમી પાર્ટીએ હાઈકોર્ટમાં પડકાર્યો છે અને બંને વોર્ડમાં તમામ પક્ષના ઉમેદવારીપત્રો ફરી ભરવાની પ્રક્રિયા નવેસરથી હાથ ધરવા માંગ કરી છે. આ સાથે તા.૧૮મી એપ્રિલ પછી જેની ઉંમર ૨૧ વર્ષની થઈ ગઈ હોય, તેઓ પણ મત આપી શકે અને તેમજ ઉમેદવારીપત્ર ભરી શકે તેવી માંગ પણ ×આપ× દ્વારા કરવામાં આવી છે.

ગાંધીનગર મનપાની ચૂંટણી અગાઉ ગત તા.૧૮મી એપ્રિલે યોજાવાની જાહેરાત થઈ હતી, પરંતુ કોરોના મહામારીની બીજી લહેર ઘાતક નીવડતા તા.૧૦મી એપ્રિલે ચૂંટણી પંચે મનપાની ચુંટણીઓ મોકૂફ રાખવા નિર્ણય લીધો હતો. આ પછી હવે રાજ્યમાં કોરોનાના કેસોની સંખ્યા નહીંવત થવા સાથે સંક્રમણનું જોખમ પણ ઓછું જણાતાં ચૂંટણી પંચે તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બરના રોજ જાહેર કર્યું હતું કે ગાંધીનગરમાં હવે ત્રીજી ઓક્ટોબરે ચુંટણી યોજાશે. જોકે આ જાહેરાત થઈ તે પહેલા કોરોના મહામારીની બીજી લહેર સમયે મનપાના વોર્ડ નં.૮ અને ૯માં માન્ય રાજકીય પક્ષના ઉમેદવારોનું નિધન થયું હતું. વોર્ડ-૮માં બહુજન સમાજ પાર્ટી અને વોર્ડ-૯માં આમ આદમી પાર્ટીના ઉમેદવારનું અવસાન થયું હતું. ચૂંટણી પંચે આ બંને વોર્ડમાં ઉમેદવારી ફોર્મ ભરવાની તમામ પ્રક્રિયા નવેસરથી હાથ ધરવાના બદલે જે પક્ષના ઉમેદવારોનું અવસાન થયું હોય તેમને જ ઉમેદવારીપત્ર ભરવાની તક આપી છે. આ સાથે જ મનપાની ચુંટણીના આ ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તા.૧૮મી સપ્ટેમ્બર છે જ્યારે તા.૨૦મીએ ઉમેદવારી પત્રોની ચકાસણી થશે ત્યારબાદ તા.૨૧મી સપ્ટેમ્બર સુધીમાં ઉમેદવારી ફોર્મ પરત ખેંચી શકાશે. ચૂંટણી પંચે આ માટે તા.૧૩મી સપ્ટેમ્બરે જ જાહેરનામું પણ પ્રસિદ્ધ કરી દીધું છે. જોકે રાજ્ય ચૂંટણી આયોગે નિર્ધારિત કરેલા કાર્યક્રમ મુજબ ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ આવતાં પહેલા જ મનપામાં પહેલીવાર ચુંટણી લડી રહેલી આમ આદમી પાર્ટીએ વોર્ડ નં.૮ અને ૯માં ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા નવેસરથી હાથ ધરવા માટે હાઈકોર્ટમાં અરજી કરી હોવાનું જાણવા મળ્યું છે. આપ દ્વારા ચૂંટણી સંદર્ભે કાનૂની જોગવાઈઓને ટાંકીને ચૂંટણી આયોગના નિર્ણયમાં ફેર બદલ કરવા દાદ માંગવામાં આવી છે.



સેક્ટર-૩૦ ઝુલેલાલ મંદિર પાસે ખુલ્લી ગટરમાં કૂતરૂ પડી ગયુ હતુ. ગાંધીનગર ફાયરબ્રિગેડે જહેમત બાદ કૂતરાને ગટર બહાર કાઢી મુક્તિ અપાવી હતી.

## અસરગ્રસ્તોની સહાય માટે મોરારીબાપુ દ્વારા ૨૫ લાખનો રાહતનિધીમાં ફાળો

ગાંધીનગર, તા. ૧૫

સૌરાષ્ટ્ર પ્રદેશના રાજકોટ, જૂનાગઢ, જામનગરના અનેક વિસ્તારોમાં થયેલા અતિ ભારે વરસાદથી પ્રભાવિત થયેલા અસરગ્રસ્તોની સહાય માટે પ્રસિદ્ધ રામ કથાકાર મોરારીબાપૂએ રૂ. ૨૫ લાખનું દાન મુખ્યમંત્રી રાહતનિધિમાં અર્પણ કર્યુ છે.

પૂજ્ય મોરારીબાપૂ હાલ દાર્જિલીંગમાં રામ કથા માટે ગયેલા છે. નવનિયુકત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે આ વરસાદ પ્રભાવિત ગ્રામજનો-લોકોની સ્થિતીની જાતમાહિતી મેળવવા આ વિસ્તારોની ગઈકાલે કરેલી મુલાકાતના અહેવાલોની જાણ મોરારીબાપૂને દાર્જિલીંગમાં થતાં તેમણે રાજપીઠ સાથે વ્યાસપીઠના સહયોગ દાયિત્વ રૂપે આ રૂ. ૨૫ લાખનું દાન મુખ્યમંત્રી રાહતનિધિમાં અર્પણ કર્યુ છે.

## સે.૧૫માં સાઈ ખાતે વિવિધ રમતોના તાલીમ કોર્ષનું આયોજન

ગાંધીનગર તા.૧૫

કોરોના મહામારીના કારણે લાંબા સમય સુધી સ્થગિત રહેલી રમત ગમત પ્રવૃત્તિ હવે સંક્રમણ ઓછું થતાં જ ધીમે ધીમે વેગવંતી બનતી જઈ રહી છે. ગાંધીનગરના સેકટર-૧૫ સ્થિત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના વેસ્ટર્ન રિજનલ સેન્ટર ખાતે પે એન્ડ પ્લે સ્કીમ અંતર્ગત એથ્લેટીક્સ, કબડ્ડી, હેન્ડબોલ અને બેડમિન્ટન જેવી વિવિધ રમતોના તાલીમ કોર્સનો પ્રારંભ થઈ રહ્યો છે. આ રમતોના તાલીમ માટે સવારે ૬.૩૦થી ૯ અને સાંજે ૪થી ૭ કલાકનો સમય નિર્ધારિત કરવામાં આવ્યો છે. આ તાલીમ કોર્સમાં ભાગ લેવા માટે રસ ધરાવતા ખેલાડીઓ સે.૧૫માં સાઈના પે એન્ડ પ્લે વિભાગનો સંપર્ક સાધવા અખબારી યાદીમાં જણાવાયું છે. પે એન્ડ પ્લે સ્કીમ માં ભાગ લેનાર તમામ ખેલાડીઓએ કોવિડની ગાઈડલાઈનનું પાલન કરવાનું રહેશે.

## સમર્પણ મૂક બધિર શિશુ વિદ્યામંદિરમાં ગણેશોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૧૫

સમર્પણ મૂક બધિર શાળામાં ગણેશજીનું વિધિવત સ્થાપન કરી ૫ દિવસનો ગણેશ મહોત્સવ ઉજવ્યો હતો. જેમાં સવાર-સાંજ બાળકો દ્વારા ગણપતિ દાદાની આરતી કરવામાં આવી હતી. ગણેશજીનું વિસર્જન ૧૪મીના રોજ શાળાના પટાંગણમાં કરવામાં આવ્યું હતું. આ દરમિયાન સંસ્થાના સંચાલક વૈભવ કે. જાની, શિક્ષકગણ તથા બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરની પ્રિયંકાના નેતૃત્વ હેઠળ ગુજરાતની ટીમે ગોલ્ડ મેડલ જીત્યો

ગાંધીનગર તા.૧૫

ટોકિયો ઓલિમ્પિક સાથે જ ફરી એકવાર રમતગમતનો માહોલ ચોતરફ જોવા મળી રહ્યો છે એવામાં તાજેતરમાં ગોવા ખાતે યોજાયેલી નેશનલ અર્બન ગેમ્સ ૨૦૨૦-૨૧માં કબડ્ડીમાં ગુજરાતની સિનિયર ગર્લ્સની ટીમે ગોલ્ડ મેડલ મેળવ્યો છે. ગાંધીનગરની યુવા ખેલાડી પ્રિયંકા પરમાર આ કબડ્ડી ટીમની કૅપ્ટન હતી જેના નેતૃત્વ હેઠળ ગુજરાતે ગોલ્ડ મેડલ જીત્યો છે.

ગાંધીનગરની દિકરીઓ પણ હવે રમત ગમત ક્ષેત્રે



રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની પ્રતિભા ઝળકાવી રહી છે. ગોવા ખાતે તા.૧૦ થી ૧૩ સપ્ટેમ્બર દરમ્યાન અર્બન ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત નેશનલ અર્બન ગેમ્સ ૨૦૨૦-૨૧માં કબડ્ડીની રમતમાં સિનિયર ગર્લ્સ કેટેગરીમાં ગાંધીનગરના સે.૨૭માં રહેતી યુવા ખેલાડી પ્રિયંકા પરમાર નેતૃત્વ હેઠળ ગુજરાતની ટીમે હરિયાણાને ત્રણ પોઈન્ટથી હરાવીને ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો ત્યારબાદ ફાઈનલમાં દિલ્હીની ટીમને બે પોઈન્ટથી હરાવી ગોલ્ડ મેડલ હાસંલ કર્યો છે. આ ટીમના કોચ હાર્દિક રાઠોડ હતા.



ગાંધીનગરના વોર્ડ નં.૫માં માર્ગો ખૂબ જ ખરાબ થઈ ગયા છે. સતત વરસાદના કારણે માર્ગો પર ખૂબ જ ખાડા ટેકરાં થતાં વસાહતીઓ અને વાહનચાલકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. વોર્ડનં.૫ના માર્ગોનું રીપેરીંગ તાત્કાલિક કરવા રજૂઆત કરવામાં આવી છે.

## રાંધેજા ગૂજરાત વિદ્યાપીઠમાં હિન્દી દિવસની ઉજવણી

રાંધેજા, ગુજરાત વિદ્યાપીઠ દ્વારા હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત હિન્દુસ્તાનમાં હિન્દી ભાષાની વિકાસયાત્રા વિષય પર ઈ-સંગોષ્ટી યોજાઈ હતી. જેમાં મુખ્ય વક્તા રામગોપાલસિંહએ હિન્દીનું મહત્વ સમજાવ્યુ હતુ. નવા ભારતમાં હિન્દીનું મહત્વ વધ્યુ છે. કાર્યક્રમનું માર્ગદર્શન ગુજરાત વિદ્યાપીઠના રાંધેજા ગ્રામ કેન્દ્રના સંયોજક રાજીવભાઈ પટેલે કર્યુ હતુ. ડૉ. લોકેશ જૈને કાર્યક્રમનું સંચાલન કર્યુ હતુ. ડૉ. હસમુખ પંચાલે સહુનો આભાર માન્યો હતો.

# વડાપ્રધાનના ૭૧મા જન્મ દિવસે ગાંધીનગર જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા ત્રણ દિવસમાં ૭૧ સર્વે રોગ નિદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૧મા જન્મ દિવસ નિમિત્તે ગાંધીનગરમાં તા. ૧૬ થી ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૧ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં ૭૧ સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં તા. ૧૬-૯-૨૦૨૧ ના રોજ ૨૯ પેટા આરોગ્ય કેન્દ્ર ખાતે અને તા. ૧૭-૯-૨૦૨૧ ના રોજ ૯ સામુહિક આરોગ્ય કેન્દ્ર, ૨૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સબ ડીસ્ટ્રીક હોસ્પિટલ - માણસા અને કલોલ શહેરના બે આરોગ્ય કેન્દ્ર ખાતે મળી કુલ ૪૧ સ્થળ પર સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે. તેમજ તા. ૧૮-૯-૨૦૨૧ ના રોજ પેટા આરોગ્ય કેન્દ્ર આમજા ખાતે એમ મળીને કુલ ૭૧ જગ્યાએ ત્રણ દિવસ દરમ્યાન સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં સબ ડિસ્ટ્રીકટ માણસા સામુહિક આરોગ્ય કેન્દ્ર, દહેગામ, કલોલ, છાલા ખાતે જનરલ સર્જન, બાળરોગ નિષ્ણાંત, સ્ત્રીરોગ નિષ્ણાંત, હાડકાના સર્જન, જનરલ ફિઝિશિયન, દંત સર્જન, આંખના સર્જન જેવા તજજ્ઞની સેવાઓ સર્વે રોગ નિદાન કેમ્પમાં આપવામાં આવશે. આ તમામ સ્થળોએ કોરોના રસીકરણ કેમ્પોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લાના નાગરિકોને સર્વરોગ નિદાન કેમ્પમાં બહોળા પ્રમાણમાં લાભ લેવા જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.



ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના પડધમ વાગ્યા છે. તમામ રાજકીય પક્ષોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. આમ આદમી પાર્ટીએ આક્રમક તૈયારીઓ શરૂ કરી છે. વોર્ડ નં. ૮ માં આવતા અંબાપુર ગામમાં આમ આદમી પાર્ટીએ ડોર ટુ ડોર પ્રચાર કામગીરી શરૂ કરી છે. કાર્યકરો ઘરે ઘરે ફરતા જોવા મળી રહ્યા છે.

''વિના સહકાર નહિ ઉધ્ધાર''

## ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

મધર ડેરી, 'ક' રોડ, સેકટર-૨૫, ગાંધીનગર.

## એકાવનમી વાર્ષિક સાધારણ સભાની નોટીસ

ક્રમાંક : વા.સા.સભા/ ૨૦૨૦-૨૦૨૧/૨૨૩૨ — તા.૧૬/૦૯/૨૦૨૧.

પ્રતિ,
પ્રમુખશ્રી,
તમામ દૂધ ઉત્પા.સહ.મં.લી.
મુ.પો.........................
તા.જી.ગાંધીનગર.

આથી સંઘની તમામ સભાસદ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને જણાવવામાં આવે છે કે, સંઘની એકાવનમી વાર્ષિક સાધારણ સભા સંઘના ચેરમેનશ્રીના અધ્યક્ષસ્થાને તારીખ : ૩૦/૦૯/૨૦૨૧ ગુરૂવારના રોજ સવારના ૧૧-૦૦ કલાકે ટાટા ચોકડીની બાજુમાં, મધુર ડેરીની નવીન જગ્યા, જી.આઈ.ડ.સી., સેકટર-૨૬, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. તો દરેક સભાસદને આ સભામાં હાજર રહેવા વિનંતી છે.

### કાર્યસૂચિ

(૧) ગત તા. ૨૬/૦૫/૨૦૨૧ ના રોજ મળેલ વર્ચ્યુલી ખાસ સાધારણ સભાની કાર્યવાહીને બહાલ રાખવા બાબત.
(૨) સને ૨૦૨૦-૨૦૨૧ ના અંદાજપત્રમાં મંજુર થયેલ ઉપરાંતના ખર્ચને બહાલી આપવા બાબત.
(૩) નિયામક મંડળે ભલામણ કરેલ તા. ૩૧/૦૩/૨૦૨૧ ના રોજ પુરા થતા વર્ષના હિસાબો અને અહેવાલ તથા સ્પેશ્યલ ઓટરશ્રી/ચાર્ટર્ડ એકાઉન્ટન્ટશ્રીએ પ્રમાણિત કરેલ હિસાબો, વ્યાપાર તથા નફા-નુકશાન અને સરવૈયુ મંજુર કરવા તેમજ પેટાનિયમ મુજબ નફાની ફાળવણી મંજર કરવા બાબત.
(૪) સને ૨૦૨૧-૨૦૨૨ના વર્ષનું અંદાજપત્ર મંજૂર કરવા બાબત.
(૫) સને ૨૦૨૦-૨૦૨૧ ના વર્ષના હિસાબ તપાસણીના ઓટીડ રીપોર્ટ વંચાણે લઈ દુરસ્તી કરવા બાબત.
(૬) વૈદ્યાનિક/આંતરીક ઓડીટરશ્રીની નિમણુંક કરવા બાબત.
(૭) સંઘના પેટા નિયમની મર્યદામાં રહીને બહારનું કરજ કરવાની મર્યાદા નકકી કરવા બાબત.
(૮) સંઘ સંયોજિત દૂધ મંડળીઓને ચૂકવેલ વર્ષ ૨૦૨૦-૨૦૨૧ની બચત ચુકવણીને બહાલી આપવા બાબત.
(૯) સંઘના કર્મચારીઓને દિવાળી નિમિત્તે ૨૦૨૦-૨૧ના વર્ષનું એકસગ્રેસીયા/પ્રોડકટીવ ઈન્સેટીવ ચુકવવા બાબત.
(૧૦) સંઘ સંયોજીત મંડળીઓના આવેલ પત્રો વંચાણે લઈ ચર્ચા વિચારણા કરવા બાબત.
(૧૧) સભાધ્યક્ષશ્રીના સ્થાનેથી અથવા તેમની મંજૂરીથી બીજા જે કામો રજૂ થાય તે.

નિયામક મંડળના આદેશથી
(રોહિતકુમાર જી. મહેતા)
મેનેજીંગ ડીરેકટર.

તા.ક. :- વાર્ષિક અહેવાલ તથા હિસાખો હવે પછીથી મોકલી આપવામાં આવશે.

નોંધઃ-
(૧) હિસાબો અંગે સભાસદોને જો કંઈ માહિતી જોઈતી હોય તો તેમણે વાર્ષિક સાધારણ સભાની તારીખના ૭ (સાત) દિવસ પહેલાં લેખિત પત્ર આપવા વિનંતી છે. સભામાં માત્ર મંડળીના અધિકૃત પ્રતિનિધિ જ પોતાની મંડળી/ સંઘને લગતા જ પ્રશ્નો પૂછી શકશે.
(૨) આ સભામાં મંડળીના પ્રતિનિધિ તરીકે ફકત મંડળીના ચેરમેનશ્રી જ હાજરી આપી શકશે. અને હાજરી આપવા અંગેનો ઠરાવ નમુના મુજબ તા. ૨૭/૦૯/૨૦૨૧ સધીમાં મળી જાય તે રીતે સંઘની ઓફીસે મોકલી આપવાનો રહેશે.
(૩) કોરમના અભાવે મુલત્વી રહેલી સભા તે જ દિવસે અડધા કલાક બાદ હાજર રહેલ સભ્યોનું કોરમ ગણી સભાની કાર્યસૂચિના કામોનો નિકાલ કરશે. જે કાયદેસર ગણાશે. જે સભ્યશ્રીઓને માન્ય રહેશે.